

ગાંધીનગરના હેલીપેડ મેદાન ખાતે યોજાયેલ ગ્લોબલ ટ્રેડ શૉમાં આજે સૌથી વધુ મુલાકાતીઓ ઉમટી પડ્યા હતા અને એક અંદાજ મુજબ ગુરૂવારે પાંચ લાખથી વધારે મુલાકાતીઓએ પ્રદર્શનને માણ્યું હતું અને ક્રાફટ બજારમાં વિવિધ ચીજવસ્તુઓની ખરીદી પણ કરી હતી. (તસવીર : દિપક જાની)

# વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ અન્વયે સચિવાલય પોઈન્ટ બસના ટાઈમમાં ફેરફાર

ગાંધીનગર, તા.૧૦

મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટ-૨૦૧૩ અન્વયે તા. ૧૧ જાન્યુઆરી, શુક્રવારના રોજ ગાંધીનગર આવનારા ડેલીગેટ્સને ટ્રાફી જામની મુશ્કેલી ના પડે તે હેતુથી દરરોજ અમદાવાદથી ઉપડી ગાંધીનગર સચિવાલય પાઈન્ટ પર સવારે ૧૦.૧૫ કલાકે પહોંચતી તમામ સરકારી બસો ૧૧ જાન્યુઆરીના રોજ એક દિવસ પુરતી ગાંધીનગર ખાતે એક કલાક મોડી એટલે કે સવારના ૧૧.૧૫ કલાકે સચિવાલય પોઈન્ટ પર પહોંચે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

સચિવાલયના કર્મચારીઓ પ્રદર્શનનો લાભ લઈ શકે તે માટે ૧૨ જાન્યુઆરીએ વિશેષ વાહન વ્યવસ્થા સરકારે કરેલ છે.

# ગિફ્ટ સિટીને નોટીફાઈડ એરિયા જાહેર કરીને વહીવટ-સંચાલન વધુ સરળ બનાવાયું

ગાંધીનગર, તા.૧૦

ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટીના ચેરમેન શ્રી સુધીરભાઈ માંકડે જણાવ્યું હતું કે, ગુજરાત સરકારે ગિફટ સિટીને નોટીફાઈડ એરિયા જાહેર કરીને આ સમગ્ર સિટીનું કામકાજ અને તમામ નીતિ-નિયમો સરળ બનાવી દીધા છે. આવનારા દિવસોમાં ગિફટ સિટીમાં સંચાલન માટે પણ લોકલ ઓથોરિટી હશે. તેમણે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૫૦ સુધીમાં ભારતમાં મોટાભાગની વસતી શહેરોમાં રહેતી હશે, જયારે ગુજરાતમાં આવી સંભાવના વર્ષ-૨૦૩૦ સુધીમાં દેખાઈ રહી છે. શહેરીકરણની પ્રક્રિયાને ધ્યાને રાખતાં આવનારા દિવસોમાં આવા ૧૦૦ શહેરોનું નિર્માણ કરવું પડશે. ગિફટ સિટી પ્રોજેકટને લંડનના વર્લ્ડ સાયન્સ ગૃપે પણ 'બેસ્ટ ઈન્ડસ્ટ્રીયલ ડેવલોપમેન્ટ એન્ડ એકસપાન્સન પ્રોજેકટ કેટેગરી'માં એવોર્ડ આપ્યો છે.

ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક સિટીના ચેરમેન શ્રી સુધીર માંકડે જણાવ્યું હતું કે, મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગિફટ સિટીનું શમણું આપ્યું અને તેને સાકાર કરવાની દૃષ્ટિ પણ આપી છે. તેમના પીઠબળ વિના આવો પ્રોજેકટ સંભવ નથી. ૧૦૦ એકર જેટલી જમીનમાં આકાર લઈ રહેલા ગિફટ સિટીની વિશેષતાઓ અંગે તેમણે જણાવ્યું હતું કે, આજે જે ટાવર કાર્યરત થયો છે એવા બીજા ૧૦૦ ટાવર આવનારા દિવસોમાં આકાર લેશે. કાર્ય કરવા અને રહેવા માટે ઉત્તમ બની રહેનારી આ સિટીમાં ૬૦ ટકા કોમર્સિયલ જગ્યા હશે જયારે રહેણાંક, સ્કૂલ, હોસ્પિટલ્સ, હોટેલ્સ, શોપીંગ અને મનોરંજન માટે પણ જગ્યાઓ હશે. ગિફટ સિટીમાં પાંચ લાખ યુવાનોને સીધી રોજગારી અને પાંચ લાખ યુવાનોને પરોક્ષ રીતે રોજગારી મળી રહેશે.

ગિફટ સિટીના સ્ટેટ ઓફ ધી આર્ટ બાંધકામ વિશે બોલતાં

● અનુસંધાન પાન-૭ પર

# રાયસણમાં પાણીની ટાંકી પાસેથી ૧૪ કાગડા મૃત હાલતમાં મળ્યા

## મૃત કાગના વિશેરા લઈ તપાસ અર્થે લેબોરેટરીમાં મોકલાયા ફૂડ પોઈઝનીંગના લીધે મોત થયા હોવાનું પ્રાથમિક તારણ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લાના રાયસણ ગામની સીમમાં પાણીની ટાંકી પાસે આજે સવારે ૧૪ કાગડાઓ મૃત હાલતમાં મળી આવ્યા હતા. પ્રાથમિક તપાસના અંતે ફૂડ પોઈઝનીંગની અસરથી અબોલ પક્ષીઓના મોત નિપજયા હોવાનું ધ્યાને આવ્યું છે. અન્ય ૩ ગંભીર હોવાથી સારવાર માટે સે-૩૦ સ્થિત વેટરનીટી હોસ્પિટલમાં લઈ જવાયા છે. મૃતક કાગના વિશેરા લઈ તપાસ અર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.



જિલ્લાના રાયસણ ગામમાં આજે સવારે એકાએક ૧૪ કાગડાઓ ટપોટપ પડીને મોતને ભેટયા હોવાનું પ્રકાશમાં આવ્યું છે. ગામમાં સ્થિત પાણીની ટાંકી પાસેથી કાગડાના મૃતદેહ મળી આવતા વનવિભાગની ટીમે પણ આ મામલે તપાસ હાથ ધરી હતી. ૧૪ કાગડાના મૃતદેહ ઉપરાંત અન્ય ત્રણની બાબત ગંભીર હોવાનું ધ્યાને આવતા અસરગ્રસ્ત કાગને સારવાર અર્થે સે-૩૦ સ્થિત વેટરનીટી હોસ્પિટલમાં સારવાર અર્થે મોકલી દેવાયા હતા. વન વિભાગની ટીમે સ્થળ પર તપાસ કરી મૃત કાગડાના વિશેરા લઈ પરીક્ષણ અર્થે લેબોરેટરીમાં મોકલી દેવાયા છે. આ મામલે જિલ્લા ફોરેસ્ટ ઓફિસર ભાવિન વ્યાસે જણાવ્યું હતું કે કાગડાઓના મૃત્યુ પાછળનું ચોકકસ કારણ હજુ જાણવા મળ્યું નથી. પરંતુ ફૂડપોઈઝનીંગના લીધે આમ બન્યું હોવાનું પ્રાથમિક દૃષ્ટિએ માલુમ પડયું છે. બે વર્ષ અગાઉ પણ સરકારી પ્રેસ પાસેના વિસ્તારમાં ૫૫ જેટલા કાગડા મૃત હાલતમાં મળ્યા હતા. આવા કિસ્સામાં ફૂડપોઈઝનીંગની શકયતા વધુ છે. ઉત્તરાયણ પર્વનું કાઉન્ટ ડાઉન શરુ થયું છે ત્યારે અબોલ પક્ષીઓનો જીવ બચાવવા પક્ષી પ્રેમીઓ ચિંતા સેવી રહ્યા છે. આવા સંજોગોમાં કાગડાઓના મૃતદેહ મળી આવતા પક્ષી પ્રેમીઓમાં આઘાતની લાગણી પ્રવર્તી છે.









Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેકટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com